# ભ્રષ્ટાચાર વિરોધી ઝૂંબેશની ચર્ચા ઘર અને વર્ગમાં કરીએ

શિક્ષણના એક કરતાં વધુ હેતુઓ છે. જેમકે, જ્ઞાનપ્રાપ્તિ, રોજિરોટી મેળવવી, નૈતિક મૂલ્યો ખિલવવા, વ્યકિંતને સશક્ત બનાવવો વગેરે. આવા અનેક હેતુઓ પૂર્ણ કરીને વ્યક્તિનો સર્વાંગી વિકાસ કરવાનો છે. વ્યકિંતને સશક્ત બનાવવો એટલે માત્ર શારીરિક જ નહીં માનસિક રીતે પણ સશક્ત બનાવવાનો છે. જે કામ ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ દ્વારા શાળા-ઘર અને સમાજે કરવાનું છે. ઔપચારિક શિક્ષણ દ્વારા જ્ઞાન અને રોજીરોટીના હેતુને સરળતાથી પ્રાપ્ત કરી શકાય છે, પણ મૂલ્યોના વિકાસ માટે માત્ર ઔપચારિક શિક્ષણ કામ આપતું નથી. ઔપચારિક શિક્ષણ એટલે શાળા-કોલેજોમાં મેળવેલું શિક્ષણ. ક્યારેક તો એવું બને છે કે, વધુ ઔપચારિક શિક્ષણ મેળવેલ માણસમાં જ વધુ અનૈતિકતા ભરેલી હોય છે. જે આજના ભ્રષ્ટ અધિકારીઓ અને રાજકારણીઓમાં દેખાઇ આવે છે. કહેવાય છે કે, અભણ માણસ ખોટું કરે તો તે નાના પ્રમાણમાં હોય છે, પણ ભણેલો માણસ ખોટું કરે તો તે ખૂબ જ મોટા પ્રમાણમાં હોય છે. જેના ઉદાહરણો આજે દરરોજ સમાચારપત્રોમાં વાંચવા મળે છે અને ટી.વી. ચેનલો પર જોવા મળે છે.

ભારત આઝાદ થયું ત્યારે જોયેલા સ્વપ્નમાંથી કયું સ્વપ્ન પૂરું થયું ? કરેલી કલ્પનામાંથી કઇ કલ્પના સાચી ઠરી? જે વિચારતાં જ અનુકંપા છૂટી જાય છે. આમ થવા પાછળ એક નહીં અનેક કારણ છે, છતાં એક વાત ચોક્કસ પણે સ્વીકારવી પડે જ કે આઝાદ ભારતમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ દિનપ્રતિદિન વધતું જાય છે. આજે સરકારનું એવું એક પણ ખાતું એવું નથી જે પૈસા ન ખાતું હોય. જેમાં મહેસૂલ અને ગૃહવિભાગ પ્રથમ નંબર માટે હરિફાઇ કરી રહયાં છે. શિક્ષણ અને આરોગ્ય જેવા પવિત્ર ગણાતાં વિભાગો પણ ભ્રષ્ટાચારમાંથી મુક્ત નથી. રેલવેની ટીકટ લેવી હોય કે ખેડૂતને ૭-૧૨નો ઉતારો કઢાવવો હોય તો સીધી રીતે સરળતાથી કામ પતતું નથી, દરેકે કાયદેસરનું કામ પતાવવા પૈસા આપવા પડે છે. અહીં એક ઉદાહરણ સંકોચ સાથે રજૂ કરું છું. એક કોલેજના આદરમાન અને બિનભ્રષ્ટાચારી ટ્રસ્ટી પોતાનું કામ લઇને જે તે સમયે પોતાના મિત્ર એવા મુખ્યમંત્રી પાસે ગયા. પોતાની વાત રજૂ કરી, જવાબ હતો, અલ્યા આટલા કામ માટે અહીં આવ્યા છો, થોડું આપી દો ને, પતી જશે, નહીં તો નાનામોટા ખાંચા કાઢી તમારું કામ રઝળશે ! અમે પણ ।મારી સંસ્થા માટે અધિકારીઓને પૈસા આપીએ જ છીએ ! આ વાક્યો કોઇ સામાન્ય માણસના નથી, એક સમયના ગુજરાતના મુખ્યમંત્રીશ્રીના છે. અને આજે પણ આ શિરસ્તો ચાલે જ છે. જો માનવામાં ન આવતું હોય તો દરેક વિભાગના મંત્રીઓ એક નાનું સરખું કાયદેસરનું કામ કરાવવા પોતાના અંગત માણસને ખાનગીમાં મોકલે. પછી શું થાય છે તે જૂએ. આ વિધાનને આજના અધિકારીઓ અને મંત્રીશ્રીઓ ચેલેન્જ તરીકે ઉપાડીને ખરાઇ કરશે ખરા? આ પરથી ખ્યાલ આવશે કે, ભારતમાં ભ્રષ્ટાચારે કેવી જમાવટ જમાવી છે? જેનાથી આજના મોટેરાં ટેવાઇ ગયા ચે, પણ આજની યુવાન પેઢીને આ બધું ગમતું નથી. ત્યારે આજના જ વૃદ્ધોમાંના એક ઉંમરમાં વૃદ્ધ પણ કામમાં યુવાન એવા અન્ના હજારે જેવા ભડવીર ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવે છે, જેને દેશના ખૂણે ખૂણેથી આવકાર જ નહીં પણ

ખુલ્લો અને મોટો સહકાર સાંપડી રહ્યો છે. ત્યારે આજના શિક્ષકે અને વાલીએ વર્ગ અને ઘરમાં ભ્રષ્ટાચાર વિષયક ચર્ચા છેડવાની જરૂર છે.

પ્રથમ તો બાળકો અને યુવાનોને જણાવો કે ભ્રષ્ટાચાર એટલે શું? ( આમ તો ભ્રષ્ટ આચારને ભ્રષ્ટાચાર કહેવાય, જે કોઇપણ પ્રકારનો હોઇ શકે, પણ અહીં ચર્ચા માત્ર પૈસાને લઇને જ કરવામાં આવી છે). ભ્રષ્ટાચારથી દેશનો વિકાસ કેવી રીતે રુંધાય છે તેની પણ ચર્ચા કરો. એટલું જ નહીં ભ્રષ્ટાચારને કારણે વ્યક્તિ કેટલો હેરાન પરેશાન થાય છે તેના ઉદાહરણ આપો. વ્યક્તિને તેનો અધિકાર પણ ભીખની જેમ માંગવો પડે છે તે વાત તેના મનમાં ઠસાવો. ત્યારબાદ તેને ઉત્સાહિત કરો કે, તમે તો ભ્રષ્ટાચાર વિરોધમાં અવાજ ઉઠાવી શક્યા નથી, પણ તે ભ્રષ્ટાચાર આચરે નહીં અને આચરવા દે નહીં. સાથે એવા વ્યક્તિંઓના ઉદાહરણો રજૂ કરો કે, જે ધારે તો ભ્રષ્ટાચારથી દરરોજના હજારો-લાખો રૂપિયા કમાઇ શકે તેમ છે અને છતાં તેઓ તેનાથી દૂર છે. ભ્રષ્ટાચારી વ્યક્તિં પાસે પૈસા હોય છે, પણ સાચા અર્થમાં શાંતિ અને સુખ હોતા નથી. મોટાભાગે ભ્રષ્ટાચારી વ્યક્તિ અહીં જ દુ:ખી થઇને ઉપર જાય છે. ભ્રષ્ટાચાર સામે લડવાના રસ્તો પણ બતાવો. ભલે તમે લડી શક્યા ન હોવ. આ માટે ગાંધીજીને યાદ કરો. ગાંધીજીના સત્ય અને અહિંસાના સિદ્ધાંતને બાળકો સામે મૂકો. ગાંધીજીએ સત્ય અને અહિંસા દ્વારા આઝાદી મેળવી હતી, આમ છતાં આજના આતંકવાદીયુગમાં આજે પણ ગાંધીજીના સત્ય અને અહિંસાના સિદ્ધાતો એટલા જ કારગત નીવડે છે તે અન્ના હઝારે એ શરૂ કરેલા આંદોલન દ્વારા સાબિત કરી બતાવો. અન્ના હઝારે સાહેબે પોતાની ભ્રષ્ટાચાર વિરોધી લડત લડવાની હાકલ કરી અને માત્ર બે-ત્રણ દિવસમાં જ દેશભરમાંથી જે હકારાત્મક પ્રત્યાઘાતો સાંપડવા માંડયા તેને રજૂ કરીને વધુ વિશ્વાસ અપાવો. લડત લડનાર વ્યક્તિમાં સચ્ચાઇ અને ચોખ્ખાઇ હોય, પોતાનો ઇરાદો સ્પષ્ટ હોય તો લોકોનો સહકાર આપોઆપ મળે જ છે. આમ અન્યાય સામે લડવા માટે ગોલી નહીં બોલીમાં કેટલી તાકાત છે તે સમજાવો. અન્ના હઝારે સાહેબને તો નાની ઉંમરના વિદ્યાર્થીઓનો સહકાર પણ મળ્યો જે સાબિત કરે છે કે તે સાચા છે અને ભ્રષ્ટાચારથી લોકો પરેશાન છે. ગુજરાતમાં ૧૯૮૫ના વર્ષમાં થયેલ અનામત વિરોધી આંદોલનમાં પણ નેતૃત્વ લેનાર વ્યક્તિ સ્પષ્ટ અને સ્વચ્છ હતી. જેના કારણે જે તે માન્યતા ધરાવનાર વર્ગ જે તે નેતાને પડખે ઊભો હતો અને સરકાર પણ હચમચી ગઇ હતી. આમ નેતૃત્વ સબળ, સ્વચ્છ , નિ:સ્વાર્થી અને સચ્ચાઇથી ભરેલું હોય તો આમ આદમી મન મૂકીને ટેકો આપે છે. બાળકોને આવા ઉદાહરણો રજૂ કરવાથી ભવિષ્યમાં નેતૃત્વ લેવા માટેના બીજ રોપાશે અને જો નેતૃત્ત્વ નહીં લે તો સૈનિકની જેમ સહકાર આપશે. આજે આપણે તો અન્યાયને સહન કરવાનું શીખી લીધું છે, પણ આવતી પેઢીને શા માટે સહન કરવા દેવું ? એ પણ આપણા પાપે ? આજે ચાલતા ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનને વિષયવસ્તુ તરીકે લઇ વિવિધ ઉદાહરણો, માન્યતાઓ, બનાવો દ્વારા નવી પેઢીને સશક્ત બનાવવી તે આજના શિક્ષક અને વાલીની અગત્યની ફરજ ગણી શકાય.